RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 191 *Date: 02.05.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ૧૪૩ મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસઃ દરેક નેતા પાસે સરેરાશ ?૨૦.૩૪ કરોડની સંપત્તિ; છઙ્ઘઈનો રિપોર્ટ્સ



ચૂંટણી સુધારા પર કામ કરતા દ્વઈ એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ્સ (છઙ્ઘઈ)એ મહિલા સાંસદો અને ધારાસભ્યો પર એક રિપોર્ટ બહાર પાડ્યો છે. જેમાં સામે આવ્યું છે કે દેશના કુલ ૫૧૨ મહિલા સાંસદો અને ધારાસભ્યોમાંથી ૨૮% એટલે કે ૧૪૩ મહિલા સાંસદો સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. આમાંથી, ૭૮ (૧૫%) પર હત્યા અને અપહરણ જેવા ગંભીર આરોપો છે.તેમજ, ૧૭ મહિલા નેતાઓએ તેમના ચૂંટણી સોગંદનામામાં અબજોપતિ (૧૦૦ કરોડ રૂપિયા કે તેથી વધુની સંપત્તિ) હોવાનો દાવો કર્યો છે. આમાં, લોકસભામાંથી ૬, રાજયસભામાંથી ૩ અને વિધાનસભામાંથી ૮ મહિલાઓ છે. ૫૧૨ મહિલા સાંસદો-ધારાસભ્યોની કુલ જાહેર કરેલી સંપત્તિ ૧૦,૪૧૭ કરોડ રૂપિયા છે. સરેરાશ, દરેક પાસે ૨૦.૩૪ કરોડ રૂપિયાની સંપત્તિ છે.રિપોર્ટ મુજબ, ૭૧% મહિલા નેતાઓ સ્નાતક અથવા વધુ શિક્ષિત છે. ૨૪% મહિલાઓએ ૫ થી ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે અને ૧૨ મહિલાઓએ ડિપ્લોમા કર્યો છે. મહિલા સાંસદો અને ધારાસભ્યોમાં, ૬૪% ૪૧ થી ૬૦ વર્ષના વયની છે, ૨૨% ૨૫ થી ૪૦ વર્ષની વયના છે અને ૧૪% ૬૧ થી ૮૦ વર્ષના છે. રિપોર્ટ મુજબ, દેશના ૪૫% ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. છઙ્ઘઈએ ૨૮ રાજ્યો અને વિધાનસભાઓ ધરાવતા ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ ૪૧૨૩ ધારાસભ્યોમાંથી ૪૦૯૨ના ચૂંટણી સોગંદનામાનું વિશ્લેષણ કર્યું. આંધ્રપ્રદેશમાં ૧૭૪માંથી ૧૩૮ ધારાસભ્યો (૭૯%) સૌથી વધુ છે, જ્યારે સિક્કિમમાં ૩૨માંથી ફક્ત એક ધારાસભ્ય (૩%) છે, જેમણે પોતાની સામે ફોજદારી કેસ જાહેર કર્યા છે. તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ના ૧૩૪ ધારાસભ્યોમાંથી ૧૫૫ (૮૬%) સાથે તેમની સામે સૌથી વધુ ક્રિમિનલ કેસ નોંધાયેલા છે.૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ જાહેર થયેલા અહેવાલમાં જણાવાયું છે કે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ દેશના સૌથી ધનિક મુખ્યમંત્રી છે. તેમની પાસે ૩૯૧ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ છે. તેમજ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ૧૫ લાખ રૂપિયાની સંપત્તિ સાથે સૌથી ગરીબ છે.રિપોર્ટ અનુસાર, ૨૦૨૩-૨૦૨૪માં ભારતની માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય આવક (દ્વદ્મૈં) લગભગ ૧ લાખ ૮૫ હજાર ૮૫૪ રૂપિયા હતી, જ્યારે મુખ્યમંત્રીની સરેરાશ આવક ૧૩ લાખ ૬૪ હજાર ૩૧૦ રૂપિયા હતી.આ ભારતની સરેરાશ માથાદીઠ આવક કરતાં લગભગ ૭.૩ ગણું વધારે છે. ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓની સરેરાશ સંપત્તિ ૫૨.૫૯ કરોડ રૂપિયા છે, જ્યારે કુલ સંપત્તિ ૧,૬૩૦ કરોડ રૂપિયા છે.૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રાષ્ટ્રીય પક્ષોને મળેલા દાન અંગેનો અહેવાલ બહાર પાડ્યો હતો.

# ઉ.કોરિયા વહેલામાં વહેલી તકે યુદ્ધ જહાજો ઉપર ન્યૂક્લિયર મિસાઈલ્સ ગોઠવવા માંગે છે : રીપોર્ટ



પ્યોગ્યાંગ : ઉત્તર કોરિયાએ ૫૦૦૦ ટનના ડીસ્ટ્રોયર શ્રેણીનું યુદ્ધ જહાજ 'ચોએ-હયોન' તરતું મૂક્યું છે. કેટલાક એક્ષપર્ટસનું માનવું છે કે તે ટૂંકા અંતરના પરમાણુ મિસાઈલ્સ પણ ધરાવતું હશે.ઉનને શસ્ત્રો બહુ જ ગમે છે. શસ્ત્રોનાં પરીક્ષણ સમયે તેઓ ત્યાં પહોંચી જ જાય છે અને નવા નવા શસ્ત્રો ઉપયોગમાં લેવાતા જુવે છે, તેની કાર્યક્ષમતા કેટલી છે તે પણ જુવે છે. તેઓએ હવે ઉ.કોરિયાનાં યુદ્ધ જહાજો ઉપર વહેલામાં વહેલી તકે પરમાણુ શસ્ત્રો ધરાવતાં મિસાઈલ્સ ગોઠવવા કહી દીધું છે.આજે તેઓ નવા વોરશિપ 'ડ્રેગન' પરની નવી 'વોરશિપ-વેપન-સીસ્ટીમ'નું પહેલું પરીક્ષણ જોવા પોતાની પુત્રી સાથે પહોંચી ગયા હતા. (એમ મનાય છે કે તેઓ તેમની સૌથી નાની પુત્રીને તેમની 'વારસ' બનાવશે).

આ વિકેન્ડમાં નોર્થ કોરિયાએ ૫૦૦૦ ટનની ડીસ્ટ્રોયર શ્રેણીની યુદ્ધ નૌકા ઓએ-હ્યોન તરતી મુકી હતી તે અંગે કેટલાક એક્ષપર્ટસનું અનુમાન છે કે, તે ટૂંકા અંતરના પરમાણુ શસ્ત્ર વહી શકે તેવાં મિસાઈલ્સ ધરાવતું હશે.આ અંગે સાઉથ કોરિયાનાં સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે તે અમેરિકાનાં સહયોગમાં નોર્થ-કોરિયાનાં યુદ્ધ જહાજોની નિર્માણ સહિત અન્ય ગતિવિધિઓ ઉપર બાજ નજર રાખી રહ્યું છે.

# ઈઝરાયલના જેરુસલેમના આસપાસના વિસ્તારોમાં ભીષણ આગ, નેશનલ ઈમરજન્સી જાહેર, સેના કરાઈ તહેનાત



એક તરફ જ્યાં ઈઝરાયલના વડા મંત્રી બેન્જામિન નેતન્યાહૂના નેતૃત્વ હેઠળનો દેશ હમાસને લઈને એલર્ટ છે, ત્યાં બીજી તરફ એક ભીષણ આગે દેશને એક નવા સંકટમાં ધકેલી દીધો છે. જેરુસલેમના પશ્ચિમી ભાગોમાં લાગેલી આ આગને કારણે ઈઝરાયલમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી દેવાઈ છે અને સેના તહેનાત કરી દેવાઈ છે. કોઈ આતંકવાદી હુમલો થયો ન હતો, કે કોઈ ઉગ્રવાદી સંગઠન દ્વારા કોઈ કાર્યવાહી થઈ ન હતી, પરંતુ આગ એટલી ભયંકર હતી કે ઈઝરાયલને આંતરરાષ્ટ્રીય મદદ માંગવી પડી.

બુધવારે જ્યારે ઈઝરાયલમાં સ્વતંત્રતા દિવસ અને સ્મૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી રહી હતી, ત્યારે જેરુસલેમની આસપાસના જંગલોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી. આગ ઝડપથી ઘણા વિસ્તારોમાં ફેલાઈ ગઈ, જેના કારણે રસ્તાઓ બંધ થઈ ગયા અને છથી વધુ શહેરોને ખાલી કરાવવા પડ્યા. સૌથી મહત્ત્વની વાત એ રહી કે આગ તેલ અવીવ અને જેરુસલેમને જોડતા રૂટ ૧ સુધી ફેલાઈ ગઈ, જેનાથી દેશના સૌથી મોટા હાઈવેને અસર થઈ. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામર બેન-ગ્વીર અને તમામ સુરક્ષા-બચાવ સેવાઓ સાથે આગ અંગે સતત અપડેટ્સ મેળવી રહ્યા છે.

પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝને બહાર આવીને કહેવું પડ્યું કે આપણે રાષ્ટ્રીય કટોકટીની સ્થિતિમાં છીએ, અને આપણે બધા સંસાધનો એકઠા કરીને આ કટોકટીનો સામનો કરવો પડશે. ઈઝરાયલના ફાયર એન્ડ રેસ્ક્યુ સર્વિસીસના અનુસાર, આગને કાબુમાં લેવા માટે ૧૨૦ ફાયર બ્રિગેડ ટીમો અને ૧૨ વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે, પરંતુ ભારે પવન અને શુષ્ક હવામાનને કારણે આગ અને ધુમાડો ઝડપથી ફેલાઈ રહ્યો છે.

# ગરમીનો કહેર યથાવત : ગુજરાતમાં ત્રણ દિવસ સુધી ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચવાની આગાહી...



ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે, સૌરાષ્ટ્ર-કચ્છથી લઈને દક્ષિણ અને મધ્ય ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ગરમીએ કહેર વર્તાવ્યો છે. રાજયમાં અત્યારે અંગ દઝાડતી ગરમી પડી રહી છે. હવે હવામાન વિભાગે વધુ એક આગાહી કરી છે, જે અનુસાર હજુ પણ આગામી ત્રણ દિવસ સુધી ગરમીનો પારો ઉંચકાશે. અમદાવાદમા ગરમીનો પારો ૪૪.૮ ડિગ્રીને પાર પહોંચ્યો હતો, જયારે રાજકોટ પણ ૪૪.૯ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર તરીકે નોંધાયુ હતુ. હાલમાં દક્ષિણ-પશ્ચિમમાંથી પવન ફૂંકાવવાના કારણે ૩ દિવસ તાપમાનનો પારો સતત ઉંચો જઈ શકે છે. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રી રહેવાની શક્યતાઓ છે.

રાજયમાં ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે, આગામી દિવસોમાં તાપમાનનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, અમદાવાદ સહિત રાજયના અન્ય શહેરોમાં પણ હજુ આભમાંથી અગનવર્ષા વરસશે. આગામી બે દિવસ સુધી અંગ દઝાડતી ગરમી પડવાની આગાહી છે. તાજા અપડેટમાં ગઈકાલે એટલે કે મંગળવારે ૪૪.૮ સાથે અમદાવાદ સૌથી ગરમ શહેર બન્યુ હતુ, છેલ્લા ૧૦ વર્ષનો અમદાવાદનો સૌથી હૉટેસ્ટ દિવસ ૨૯ એપ્રિલે ૪૪.૮ ડિગ્રી સાથે નોંધાયો હતો. આ ઉપરાંત રાજયમાં ૪૪.૯ ડિગ્રી સાથે રાજકોટ પણ હૉટેસ્ટ સિટી બન્યુ હતુ. અમરેલીમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર પહોંચ્યો જયારે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ અને રાજકોટમાં હીટવેવની આગાહી હજુ પણ યથાવત છે.

ગુજરાતમાં હવે ધીમે ધીમે તાપમાનનો પારો ઉચકાઈ રહ્યો છે.ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. જયારે ૩૨ ડિગ્રીથી લઈને ૪૫.૬ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગના આંકડા અનુસાર ભુજમાં ૪૧, નલિયામાં ૩૫, કંડલા (બંદર) માં ૩૬, કંડલા (એરપોર્ટ) માં ૪૫.૬ ડિગ્રી, અમરેલીમાં ૪૧, ભાવનગરમાં ૩૨, દ્વારકામાં ૩૩, ઓખામાં ૩૩, સુરેન્દ્રનગર ૪૨, મહુવામાં ૩૫, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૪૦, વડોદરામાં ૩૯, સુરતમાં ૩૬ અને દમણમાં ૩૪ ડિગ્રી નોંધાઈ છે. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક બાદ મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સુધીનો વધારો થશે. આમ આગામી દિવસોમાં હજુ પણ લોકોએ ગરમી સહન કરવી પડશે.ગુજરાતમાં તાપમાનમાં વધારો થવા લાગ્યો છે

# લાલપુર તાલુકામાં તંત્રનું બુલડોઝર ફર્યુંઃજોગવડ ગામમાં ૧.૧૪ કરોડની સરકારી જમીન પરથી દબાણ હટાવાયું



જામનગર જિલ્લા વહીવટી તંત્રે લાલપુર તાલુકાના જોગવડ ગામમાં મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ સરકારી જમીન પરના દબાણો દૂર કરવાની મુહિમ ચાલી રહી છે. જોગવડ ગામમાં સરકારી ખરાબાના રેવન્યુ સર્વે નંબર ૨૨૩ અને ૨૩૧માં કેટલાક લોકોએ દબાણ કર્યું હતું. આ દબાણ ૭૧૫ ચોરસ મીટર જેટલી જમીન પર હતું.તંત્રએ આ દબાણ દૂર કરી જમીનનો કબજો પુનઃ મેળવ્યો છે. આ જમીનની કિંમત અંદાજે રૂપિયા ૧ કરોડ ૧૪ લાખ ૪૦ હજાર થાય છે. દબાણ હટાવવાની કામગીરી દરમિયાન લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, મામલતદાર, પોલીસ વિભાગ અને અન્ય સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ૭૫ વર્ષ બાદ શરૂ થયેલ ખડીયાયાત્રા ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે અધૂરી રહી

કચ્છઃ મહેશ્વરી સમાજમાં પાકિસ્તાનના સિંધમાં સ્થિત શેણીની ઐતિહાસિક ખડિયાયાત્રા ધાર્મિક દૃષ્ટિએ મહત્વપૂર્ણ ગણાય છે. ત્યારે વર્ષો પછી આ વર્ષે એક સાથે ૪૦ જેટલા અનુયાયીઓને આ ખડીયાયાત્રામાં સામેલ થવાની પરવાનગી મળ્યા પછી સંઘે કરાચી પહોંચી યાત્રાની તૈયારીઓ આદરી હતી, પરંતુ કાશ્મીરના પહેલગામમાં થયેલાં આતંકી હુમલાના બનાવ બાદ બન્ને દેશો વચ્ચે ઊભી થયેલી તનાવભરી પરિસ્થિતિની અસર યાત્રા પર થઈ. જેને લઈ અખાત્રીજના યોજાનાર યાત્રા અમાસના જ પૂર્ણ કરી સંઘ ભારત પરત ફર્યો હતો અને આજે પરત ગાંધીધામ આવી પહોંચ્યો હતો.પાકિસ્તાન ખાતે યોજાતી યાત્રા 'ખડિયાયાત્રા': દર વર્ષે અખાત્રીજના દિવસે પાકિસ્તાનના સિંધના શેણીથર ખાતે મહેશ્વરી સંપ્રદાયના સ્થાપક ધણીમાતંગ દેવના સમાધિ સ્થળ ખાતે યોજાતી યાત્રા ખડીયાયાત્રા તરીકે ઓળખાય છે.

## તંત્રી લેખ...

# પાકિસ્તાને એરસ્પેસ બંધ કરતાં ભારતીય વિમાની કંપનીઓને મહિને ૩૦૬ કરોડના નુકસાનનો અંદાજ

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. જેના કારણે બંને બાજુથી રાજદ્વારી અને વ્યૂહાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. જેનાથી બંને દેશોને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. જ્યાં ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળ સંધિ સ્થગિત કરીને પાકિસ્તાનના કૃષિ અર્થતંત્રને નુકસાન પહોંચાડ્યું છે. ત્યાં બીજી તરફ, પાકિસ્તાન સરકારે એવો આદેશ જારી કર્યો છે, જેના કારણે ભારતને દર મહિને ૩૦૬ કરોડનું નુકસાન થવાનો અંદાજ છે એટલે કે પાકિસ્તાને એરસ્પેસ બંધ કરતાં ભારતીય વિમાની કંપનીઓને અઠવાડિયે ૭૭ કરોડનું નુકસાન થવાનો અંદાજ છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાન સાથે વધતા તણાવ વચ્ચે દેશના ઉત્તરીય શહેરોમાંથી સંચાલિત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે ભારતીય એરલાઈન્સને દર અઠવાડિયે ૭૭ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ કરવો પડી શકે છે. આ ઉડ્ડયન બળતણના વપરાશમાં વધારો અને હવાઈ ક્ષેત્રના નિયંત્રણોને કારણે ફ્લાઈટનો સમયગાળો લાંબો થવાને કારણે થશે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સની સંખ્યા અને ફ્લાઈટનો સમયગાળો વધવાથી અંદાજિત માસિક સંચાલન ખર્ચ રૂ. ૩૦૬ કરોડથી વધુ થઈ શકે છે. પહલગામ આતંકવાદી હુમલાને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા પાકિસ્તાને ભારત માટે એરસ્પેસ બંધ કરતા ભારતને આ નુકસાન ભોગવવું પડશે.

# ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદોઃ ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થશે



પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી.

ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં ક્યાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહી તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. આ સિવાય હાઈકોર્ટે નોંધ્યું કે, કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવામાં આવે. નોંધનીય છે કે, અત્યાર સુધી કેન્દ્ર સરકારના જાહેરનામાંનું અર્થઘટન કરીને પાસપોર્ટ વિભાગ દ્વારા ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેવા સંજોગોમાં માત્ર એક વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુ કરવામાં આવતો હતો. અરજદાર અદાલતમાં જાય તો ત્રણથી પાંચ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થતા હતાં. જોકે, હવે પહેલીવાર ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું કે, પાસપોર્ટ રિન્યુ દસ વર્ષ માટે થવો જોઈએ.

આ પહેલાં ૧૯૭૮માં મેનકા ગાંધી કેસ વખતે સુપ્રીમ કોર્ટ દ્વારા પાસપોર્ટ વિભાગની જવાબદારી અને નિયમો વિશે જોગવાઈ કરવામાં આવી હતી. જ્યારે બંધારણના અનુચ્છેદ ૨૧ને ધ્યાને રાખી પાસપોર્ટ વિભાગને સામેની વ્યક્તિને સાંભળ્યા વિના કે, યોગ્ય કારણ જણાવ્યા વિના પાસપોર્ટ રદ ન કરવાનું જણાવ્યું હતું. તે સમયે અદાલતે વિદેશ જવું તે ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતા હેઠળ મૂકી પાસપોર્ટ વિભાગને આદેશ આપ્યો હતો.

# મનોદિવ્યાંગજનો માટે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પ



ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે,નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન તરફ થી નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ કેમ્પસ માં યોજાયેલ, જેમાં નિષ્ણાંત મેડિકલ ટીમ ધ્વારા લોહીની તપાસ, બ્લડ પ્રેશર અને આંખોની તપાસ (મોતિયા, પડદાની) કરવામાં આવી અને જરૂરી સલાહ સૂચન આપવામાં આવ્યુ હતુ.કેમ્પમાં જે વ્યક્તિને ડાયાબીટીસ પોઝીટીવ આવ્યુ હતુ તેવા વ્યક્તિઓનું આગળનું જરૂરી બોડી ચેકઅપ માત્ર ૫૦ રૂપિયાના નજીવા દરે હેલ્થ એન્ડ કેર હોસ્પિટલ,જીવરાજ પાર્ક ખાતે કરવા માટે મોકલવા માં આવેલ. કેમ્પનો લાભ ૧૦૦ થી વધુ લાભાર્થીઓ એ લીધો હતો.





રોટરી ક્લબ ડીસા ડીવાઈનદ્વારા ડીસા તાલુકાના દામા ગામે શ્રી કે. જે. દેસાઈ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને પીવાના પાણીની વ્યવસ્થા માટે ઈ પ્લાન્ટ સહીત મિનરલ ઠંડા પાણીનો વોટર કુલર પ્લાન્ટ તથા પાણી ની ટાંકી ભેટ આપવામાં આવી હતી આ વોટર કુલર પ્લાન્ટના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રોટરી ડીવાઈન ડીસાના પ્રમુખશ્રી વીણાબેન પંચાલ, સેક્રેટરી શ્રી કાંતાબેન પટેલ, રોટરી ડીવાઈન ડીસાના પૂર્વ પ્રમુખશ્રી ડો.રીટાબેન પટેલ, રોટરી ડીવાઈનના સભ્ય શ્રી પૂજાબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત શાળાનો સ્ટાફ પરિવાર, જીસ્ઝ સભ્યો, શાળાના બાળકો અને વાલી ગણ સહીત ગ્રામજનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રોટરી ડીવાઈનની આ ઉમદા ભેટ થકી સરકારી પ્રાથમિક શાળાના બાળકો હવે કાયમ શુદ્ધ, મિનરલ ઠંડુ પાણી પી શકશે. આ તબક્કે શાળા પરિવાર વતી સમગ્ર રોટરી ક્લબ ડીવાઈન પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ૧૦,૦૦, ૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો ઈ-મેમો મળ્યા પછી રાજુ રદીએ શું કર્યું?

'નામ બોલ..' તમાકુવાળો મસાલાનું થૂંક ટેબલ નીચે પડેલી કચરાટોપલીમાં થૂંકતા તુમાખી ભરેલા અવાજે આદેશ આપ્યો.તેના શર્ટના ખિસ્સા પર પરાક્રમસિંહ લખેલી નેઈમ પ્લેટ હતી. મમરાની ગુણ જેવી ફાંદવાળો પોલીસ ડયુટી માટે હીટ અને ફીટ કહેવાય કે તે પણ વિચારવા જેવી બાબત રહેવાય.

' તુંકારો નહીં કરવાનો .'પરાક્રમસિંહ સામેની ખુરશીમાં ઉભડક બેઠેલા ઈસમે કહ્યું.

' આ તારી ઓફિસ નથી . પોલીસ સ્ટેશન છે. ભલભલા તિસમારખાં પાપડ જેવા નરમ થઈ જાય છે. તું ટણી કરતો નહીં. નહિંતરપ.' પરાક્રમસિંહે બાકીનું વાક્ય અધ્યાહાર રાખ્યું.

'નહિંતર, તું કહેવા શું માંગે છે?' સામેની ખુરશીવાળાને પણ હો રાજ મને લાગ્યો તુંકારાનો રંગ. સારી ચીજોને પ્રસરતા વાર લાગે. પણ, ખરાબ વસ્તુ આગની જેમ ફેલાઇ જાય.

' નામ બોલ. હમણા કહું એની ટટટટટ ' પરાક્રમનો પિતો ગયો.

' રાજુ. માય નેઈમ ઈઝ રાજુ.' માય નેઈમ લખનની જેમ રાજુએ ફિલ્મી સ્ટાઈલથી પરિચય આપ્યો.

' અટક બોલ ડોફા ' પરાક્મસિંહ છેલ્લી પાટલીએ ગયો.
'મારી અટક રદી છે.' રાજુએ ડરતાં ડરતાં કહ્યું.

'ઠીક છે.તું શું ધંધો કરે છે? ખિસ્સા કાતરવાનો,એકના બે કરવાનો, ,દેશી દારૂ ડ્રગ સપ્લાય કરવાનો કે લોહીનો વેપાર કરે છે?'' પરાક્રમે રાજુનું મોરલ તોડવા હલકટ સવાલો પૂછ્યા.

'હું પત્રકાર કમ ફોટોગ્રાફર છું.બખડજંતર ચેનલનો કેમેરામેન કમ રિપોર્ટર છું.' રાજુએ ધંધાકીય માહિતી આપી.

'પત્રકાર કે રિપોર્ટર ? ગોળ ગોળ જવાબ ન જોઇએ. પોદળામાં સાંઠીકડું ખુંચાડવાનું અહીં નહીં ચાલે .' પરાક્મસિંહ કડક થયા.

' મને કેમ અહીં લાવ્યા છો?' રાજુએ મુદાનો સવાલ પૂછયો .

' ટ્રાફિકભંગના ગુનામાં .' પરાક્રમે કાર્યકારણ બતાવ્યું.

' હેંએએં'રાજુનો પ્રતિભાવ.

' તે માથા પર હેલ્મેટ લગાવ્યું ન હતું.દરેકે હેલ્મેટ લગાવવું પડે. એ પણ આઈએસ માર્કનું .' પરાક્રમસિંહે કાયદાકીય જોગવાઈ પર પ્રકાશ પાડ્યો
.

'હું તો ફૂટપાથ પર ચાલતો હતો. ચાલનાર માટે હેલ્મેટ કયારથી ફરજિયાત થયું? મે કયા કાયદાનો ભંગ કર્યો.' રાજુએ ઉકળાટ ઠાલવ્યો. શેકસપિયરના નાટક હેમ્લેટમાં મેકબેથ માટે ટુ બી ઓર નોટ ટુ બીની દ્વિધા હતી.અહીં તો આવી દુવિધા કે દ્વિધા જ ન હતી. હેલ્મેટ મસ્ટ બી.

' તું ગુનો કરે ત્યાં સુધી અમારે તમે પકડવા માટે રાહ જોવાની?' પરાક્મસિંહે આક્રમક તેવર દેખાડ્યા.સાથોસાથ મૂંછે તાવ દીધો.

' તો મારું ચલાન કાપો. હું દંડ ભરવા તૈયાર છું.' રાજુએ કાયદાને માન આપવાની તત્પરતા દાખવી.
' તે બે નિયમનો ભંગ કર્યો છે.' પરાક્મસિંહે જણાવ્યું.

' ઓકે . બંનેની વિગતો જણાવો.' રાજુ રદી અડી ગયો.

' નંબર એક હેલ્મેટ લગાવેલ નહીં.' પરાક્મસિંહ પોપટની માફક બોલ્યો.

'હઅમ્ નંબર બે?' રાજુએ પૂછયું.

' નંબર બે સીટ બેલ્ટ બાંધ્યો નથી.' પરાક્મસિંહે બીજો ગુનો બતાવ્યો .

' શું કીધું? રસ્તા પર ચાલતી વ્યક્તિએ સીટ બેલ્ટ લગાવવો એવો કાયદો દેશમાં કયારથી લાગુ પડ્યો ?' મેરા દેશ બદલ રહા હૈ એ સાંભળેલ વાક્ય રાજુને સાચું લાગ્યું. એ તો સારું છે કે રાજુની આંખ પર એટલે કે હેડલાઈટ પર પીળા રંગના પટા કરવાનો કે પીયુસી ન કઢાવવાનો ગુનો નોંધી ચલણ ફાડ્યું નથી. જો કે , રાજુએ પીઠ પર લાલ રંગના રિફલેકટર ન લગાવ્યા હતા તેનો મેમો ન મળ્યો.

રાજુએ પેપરમાં વાંચેલ કે જામનગરના નરશીભાઈ સાદિયા બોલેરો કાર લઈ કશેક જતા હતા. તેમની કાર અટકાવી પોલીસે હેલ્મેટ ન પહેરવા બાબતે રૂપિયા પાંચસોનો દંડ ભરવા મેમો પકડાવેલ. ટ્રાફિક પોલીસને મેમાં ફાડવા, કાર- સ્કૂટર ટો કરવાના ટાર્ગેટ હોય. ટાર્ગેટ પૂરા કરવાના ટેન્શનને પેન્શન પર ઉતારી ન શકાય. ટાર્ગેટ પૂરો કરવા ખૂનપસીનો( પોલીસનો પોતાનો ખૂનપસીનો નહીં પણ વાહનચાલકના ખૂનપસીના એક કરવા પડે.)

કડાણામાં પોલીસે રીક્ષાચાલકને સીટબેલ્ટ ન પહેરવાના ગુના સબબ રૂપિયા પાંચસોના દંડનું ચલાણ હાથમાં પકડાવી દીધેલ.એક ભાઈએ બે હજાર વીસની સાલમાં નવીનકોર કાર ખરીદ કરેલી.એ ભાઈને ગાડી કંપનીમાંથી બન્યા પહેલાની સાલ એટલે કે બે હજાર પાંચમી સાલનો મેમો પકડાવેલો . પીયુસી પચાસ રૂપિયામાં નીકળે. પીયુસી કઢાવ્યું ન હોય તો બે હજાર રૂપિયાનો દંડ ડેબે ચોટે. એના કરતાં નજીકના પીયુસી સેન્ટર ( પીયુસીનું પણ અજીબ ધૂપ્પલ છે. પેટ્રોલપંપ સંચાલકો પણ અમે ચોખ્ખું પેટ્રોલ વેચતા નથી એટલે કે ભેળસેળ કરેલ પેટ્રોલ સિવાયનું પેટ્રોલ વેચવાની તેવી પોલિસી અપનાવે છે. પેટ્રોલપંપના ભૂગર્ભ ટાંકીમાં નેપ્થા કે કેરોસીનના ટેન્કરો ઠાલવે છે . આવા જ પેટ્રોલપંપવાળા પીયુસી સેન્ટર ચલાવે છે.એટલે કે મોસાળમાં જમવાનું અને મા પિરસનાર જેવો તાલ થાય છે!)


હમણા રાજુને એક ટ્રાફિક સર્કલ પર ગણપત ગાંગડા નામના પોલીસ કોન્સ્ટેબલે રોકયો. રાજુને લાયસન્સ દેખાડવાનું ફરમાન કર્યું. રાજુના લાયસન્સનો ફોટો પાડી વેબસાઈટ પર અપલોડ કર્યો. એ દરમિયાન રાજુને હેલ્મેટ ન પહેરવા માટે મોબાઈલ પર ઇ-ચલણ ફટકાર્યું. રાજુને એક , બે, દસ વીસ, સો, પાંચસો કે હજાર પંદરસો નહીં પરંતુ, રૂપિયા ૧૦,૦૦,૦૦૦ દસ લાખ એટલે કે દસ લાખ વોલ્ટના વીજ કરંટનો ઝાટકો અપાયો. સેકન્ડહેન્ડ બાઈકની કિંમત પચાસ હજાર કે પંચોતેર હજાર હોય. બાઈકની કિંમત જેટલો મેમો મળે તો પણ પોલીસનો ન્યાય ગણાય. આ તો ખખડધજ બાઈક માટે હાર્લી ડેવિડસન બાઈકની કિંમત જેટલા દંડનો મેમો ફટકારાયો. આટલા રૂપિયામાં તો પડીકાપેક નવી કાર આવી જાય!

' જમાદાર સાહેબ, લો આ બાઈકની ચાવી. તમે મને બાઈક મળ્યાની પહોંચ આપો. મારી બાઈકની હરાજી કરીને દંડની રકમ કાપી લેજો.' આમ કહી રાજુ રદી ખુમારીથી છાતી કાઢી ઉન્નત મસ્તકે રોડ પરથી કેબ કરીને જતો રહ્યો.

ને જમાદાર મોં વકાસીને કતલ કરવામાંથી બચી ગયેલા બકરાને જતો જોઈ રહ્યા.
ભરત વૈષ્ણવ

# બધામાં પ્રભુ પરમાત્મા ના દર્શન - સંત રાજીન્દર સિંહજી મહારાજ

મહાપુરુષ ફરમાવે છે કે-"ચશ્મે બીના હો તો હર ઝએ મેં હૈ આશા રે દોસ્ત". ચશ્મા વગર અંદરની આંખને કહે છે અને આશા રે દોસ્ત પ્રભુ પરમાત્માને કહ્યા છે. આ સૃષ્ટિના કણ કણની અંદર પ્રભુ પરમાત્મા વસેલા છે. તેમના અનેક રૂપ છે. તેઓ મનુષ્યમાં છે, જાનવરોમાં , પશુઓમાં , પક્ષીઓમાં માછલીમાં પણ અને નાનામાં નાના અંશ માં પણ છે. જેમ ઈન્દ્ર ધનુષ્ય હોય છે તેના ઘણા રંગ હોય છે અને જ્યારે સફેદ રંગ પ્રિઝમ થી પસાર થાય છે તો ઈન્દ્રધનુષ્ય સાત રંગોમાં વહેંચાઈ જાય છે. આ ઈન્દ્ર ધનુષ્યના સાત રંગ આવ્યા ક્યાંથી? સફેદ રંગથી. જ્યારે આ બધા રંગ જોડે જાય છે ત્યારે એક સફેદ રંગ બને છે તેમ જ પ્રભુના અનેક રંગ છે.



આપણને મહાપુરુષોના જીવનમાં એવા ઘણા ઉદાહરણો જોવા મળે છે જેમ કે સ્વામી રામતીર્થ જીના રસ્તામાં એક વાર સાપ આવી ગયો તો તેઓ તેની આંખમાં જોતા રહ્યા કેમ કે તેનામાં તેઓ પ્રભુને જોઈ રહ્યા હતા. નામ દેવજી મહારાજ એકવાર બાટી બનાવી રહ્યા હતા અને તેના પર ઘી લગાવી રહ્યા હતા એટલામાં એક કૂતરું આવ્યું અને બાકી ઉઠાવીને ભાગી ગયો તો નામ દેવજી તેમના પાછળ પાછળ ભાગ્યા કે હે પ્રભુ તમે કોરી બાટી ના ખાવ કેમ કે તે કુતરામાં પણ તેમને પ્રભુ નું રૂપ દેખાઈ રહ્યું હતું. પરમાત્મા કણ કણમાં સમાયેલા છે. તેમને આપણે ક્યાંય પણ બંધ કરી શકતા નથી. પ્રભુ સીમિત નથી તેઓ અસીમ છે તો આપણે એમને કેવી રીતે મેળવીએ? જો પ્રભુ પરમાત્માને મેળવવા છે તો આપણે પ્રેમ નો રસ્તો અપનાવવો પડશે. આપણે પોતાની અંદર પ્રભુને મેળવવાની કશીશ પેદા કરવી પડશે. પ્રભુને આપણે ત્યારે મેળવીશું જ્યારે આપણે કણ કણમાં પ્રભુને જોવાનું શરૂ કરી દઈશું. આપણે તેમને કેવી રીતે દેખીશું? પ્રથમ તો આપણે તેમને આપણી અંદર જોઈએ જો આપણે પ્રભુને આપણે અંદર ન જોઈ શકીએ તો બીજે કેવી રીતે જોઈ શકીશું? આપણે પ્રભુને દરેક દિવસ, દરેક સમય, દરેક કલાક, દરેક સેકન્ડે, દરેક પળે મેળવી શકીએ છીએ કેમ કે તેઓ ક્યાંય બહાર નહીં પરંતુ આપણા અંદર જ બેઠા છે. આ બહારની આંખો છે તેના દ્વારા આપણે પ્રભુને જોવા ઈચ્છીએ તેનાથી પરમાત્મા બહુ દૂર છે. આપણે તેમને બાહ્ય આંખોથી જોઈ શકતા નથી જો તેમને જોવા છે તો આપણે અંતરની આંખ ખોલવી પડશે. તેના માટે આપણે કોઈ પૂર્ણ મહાપુરુષની મદદની જરૂરત છે. જે આપણને ધ્યાન અભ્યાસ દ્વારા આપણી અંદરની આંખ ખોલી દે છે જેના દ્વારા આપણે કણ કણમાં પ્રભુના દર્શન કરીએ છીએ. આજ વાત મહાપુરુષ સમજાવે છે કે. - " ચશ્મે બિના હર ઝએ મે હૈ આશા રે દોસ્ત"

# સમાજ પર વિશેષ પ્રભાવ પાડતા લોકો નશામુક્તિ અભિયાનમાં સહભાગી થાય તે જરૂરીઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના મહાનિર્દેશક શ્રી અનુરાગ ગર્ગએ રાજભવન-ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ 'નશામુક્ત ગુજરાત' અંગે શ્રી ગર્ગ સાથે ગહન ચિંતન કર્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૂચવ્યું કે, સમાજમાં નશામુક્તિની જાગૃતિ માટે જે લોકોએ નશામાંથી બહાર આવીને આદર્શ પ્રસ્થાપિત કર્યું છે, તેમને સમાજ સામે લાવી લોકોમાં જાગૃતતા ફેલાવવા પ્રયત્ન કરવા જોઈએ. આ ઉપરાંત સમાજના શ્રેષ્ઠીઓ, મહાનુભાવો, કલાકારો, અભિનેતાઓ, લોકકલાકારો,



ધર્મગુરુઓ જેવા સમાજ પર વિશેષ પ્રભાવ પાડતા લોકોએ પણ નશામુક્ત અભિયાનમાં સહભાગી થવું જોઈએ.રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યની યુવા પેઢી બરબાદ ના થાય તે માટે રાજ્યની તમામ યુનિવર્સિટીના કુલપતિશ્રીઓ સાથે વિચાર-વિમર્શ કરી યુવા પેઢીને નશામુક્ત બનાવવા સઘન પ્રયાસ કરવામાં આવશે.નશીલા પદાર્થોનું સેવન કરતા યુવાનો પરિવાર, સમાજ અને દેશ માટે બિનઉપયોગી બનતા જાય છે, માટે યુવા પેઢીને પરિવાર, સમાજ અને દેશહિતાર્થે નશાનો ત્યાગ કરવા રાજ્યપાલશ્રીએ અપીલ કરી છે.આ તકે શ્રી અનુરાગ ગર્ગએ રાજ્યપાલશ્રીને વિનંતી સહ જણાવ્યું કે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા દાખલ કરવામાં આવતા કેસ અંતર્ગત ત્વરિત સજા ફટકારવામાં આવે તે માટે રાજ્ય સ્તરે અમદાવાદ ખાતે ડેજીગ્નેટેડ કોર્ટ શરૂ કરવામાં આવે, તો નશાનો વ્યાપાર કરનાર વ્યક્તિને ઝડપી સજા આપી શકાય તેમ છે.

### પેન્શનર્સની હયાતીની ખરાઈ માટે ગુજરાત સરકારની મહત્વપૂર્ણ પહેલ

# ગુજરાતના પેન્શનરોએ હવે હયાતીની ખરાઈ માટે બેંક કે કચેરીમાં જવું પડશે નહીં



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાતના પેન્શનર્સના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. પેન્શનરો અને તેમાં પણ ખાસ કરીને વૃદ્ધ પેન્શનરોને અવર-જવરમાં પડતી મુશ્કેલીઓને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા હયાતી(લાઈફ સર્ટીફિકેટ)ની ખરાઈ માટેની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે. હાલની પ્રક્રિયા મુજબ રાજ્યના પેન્શનરોએ હયાતીની ખરાઈ માટે સંબંધિત કચેરી અથવા બેંકમાં જવું પડે છે. જેમાં વૃદ્ધ પેન્શનરોને શારીરિક અશક્તતાને પરિણામે અનેક મુશ્કેલીઓ અનુભવાતી હોય છે. રાજ્ય સરકાર દ્વારા આ પ્રક્રિયાને સરળ કરવા માટે હવે હયાતીની ખરાઈની સેવા પેન્શનરોને વિનામૂલ્યે તેમના ઘરઆંગણે જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.હયાતીની ખરાઈ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. રાજ્યની પોસ્ટ ઓફિસ/ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ બેન્ક મારફત પેન્શનરોને આ સેવા ઉપલબ્ધ થશે. આ સેવા અંતર્ગત પેન્શનરોના ઘર-આંગણે રૂબરૂ મુલાકાત કરી હયાતીની ખરાઈ સંપૂર્ણપણે નિ:શુલ્ક કરવામાં આવશે.આ સેવા પેન્શનરોને મદદ કરવા માટે એક વધારાના વિકલ્પ તરીકે કાર્યરત કરવામાં આવી છે. હાલના હયાતીની ખરાઈના અન્ય વિકલ્પો રાબેતા મુજબ ચાલુ રહેશે.

રાજ્યના પેન્શનરો દ્વારા મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના આશરે પાંચ લાખથી વધુ પેન્શનરોને આ સેવાનો લાભ મળશે. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૮ માં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે ઇન્ડિયા પોસ્ટ પેમ્ન્ટ બેંકની દેશવ્યાપી શરૂઆત કરાવી હતી ત્યારે બેકિંગ સેવા આપ કે દ્વાર મુખ્ય વિઝન હતું. આ વિઝનના ભાગરૂપે જ ગુજરાત સરકાર દ્વારા આ પહેલ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર ખાતે થયેલ સમજૂતી કરાર વખતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, મંત્રી શ્રી જગદિશભાઇ વિશ્વકર્મા, નાણા વિભાગ ના સચિવ શ્રી ટી.નટરાજન, જી.એસ.ટી. કમિશ્નરશ્રી રાજીવ ટોપનો સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

પેન્શનર્સને ડિજીટલ લાઈફ સર્ટીફિકેટ આપવામાં આવે છે. જેને હવે ँ ભ ની ટીમને સંપર્ક કરવાથી અથવા તેમની પોસ્ટ બેંકની ટીમ સામે ચાલીને દરેક પેન્શનર્સના ઘરે જશે. તેમની જોડે ઉપલબ્ધ મોબાઇલ લાઇફ સર્ટિફિકેટના સોફ્ટવેરમાં પી.પી.ઓ. નંબર, આધાર નંબર, બેંક એકાઉન્ટ ડિટેલ , મોબાઇલ નંબર જેવા મહત્વના ડેટા નાંખીને પેન્શનરની બાયોમેટ્રીક લેશે.

જેના પરિણામે ગણતરીની મીનિટમાં જ પેન્શરન્સના ડિજીટલી બાયોમેટ્રીક ઓથેન્ટિકેશનથી ડિજીટલ લાઈફ સર્ટીફિકેટ ઈસ્યુ થઇ જશે. જેની એક ડિજીટલ નકલ પેન્શન ઓફિસમાં પણ પહોંચી જશે.,




ગાંધીનગર માં સેક્ટર ૨ ખાતે ચાર્વેદ કોમ્પલેક્ષ મા સોના અને ચાંદી ની લગાડી નું જિલ્લા નું સૌ પ્રથમ એટીએમ મશીન ઉત્તર ના ધારાસભ્ય રીટાબેન પટેલ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું.આ પ્રસંગે કેતનભાઈ પટેલ દ્વારા એક સોનાની લગડી એટીએમ મશીન માંથી રીટાબેન પટેલ દ્વારકાધવામાં આવી હતી અને તેના પૈસા પણ ચૂકવી ને વેપારી આલમ માં ઉત્તમ ઉદાહરણ આજે અક્ષય તૃતીયા ના દિવસે પૂરું પાડવામાં આવ્યું હતું



ખાડિયા ખાતે આવેલ દેસાઈ ની પોળ ખાતે આવેલ સ્થાનકે અખાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટ ના મૈત્રયી પાસાવાલા એ આ કાર્યક્રમ નુ આયોજન કરવા મા આવયુ હતુ આ કાર્યક્રમ મા અમદાવાદ શહેર ના મેયર શ્રીમતા પ્રતિમા જૈન. મ્યુનિસિપલ કાઉન્સિલર પંકજ ભટ્ટ ની ઉપસ્થિતી રહયા હતા અખાભગત ની જન્મ જંયતિ ની ઉજવણી ના ભાગ રૂપે વિવિધ ફૂલો નો શણગાર ખાસ વેશભૂષા ખાસ અખાભગત ની આરતી પંકજ દવે. ડો.માણેક (સેતુ) દેવાશિષ નાયર .ગીરીશ ભાઇ ગુપતા તેમજ આમંત્રિત તો હાજર રહી ઉજવણી કરવામા આવી




આજ રોજ ડીસા શહેરમાં પરશુરામ જયંતિ નિમિત્તે શોભા યાત્રામાં ડીસા શહેરમાં નીકળેલ પરશુરામ ભગવાનની બાઈક રેલી માં આજ રોજ શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર ફરેલ જેમાં વિવિધ સંગઠનો દ્વારા શોભાયાત્રા નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તેમાં કોંગ્રેસ પાર્ટી તેમજ આમ આદમી પાર્ટી દ્વારા ડીસા નગરપાલિકા પાસે ભવ્ય સ્વાગત કર્યું જેમાં કોંગ્રેસ પાર્ટીના આગેવાન અને ડીસા નગરપાલિકા ના સદસ જગદીશચંદ્ર મોદી તેમજ આમ આદમી પાર્ટી ના આગેવાન તેમજ ડીસા નગરપાલિકા ના સદસ્ય વિજયભાઈ દવે સુભાષભાઈ ઠક્કર રાજુભાઈ જોષી કનુભાઈ જોશી અને આગેવાનો હાજર રહીને આ શોભાયાત્રા ને સ્વાગત કરવામાં આવ્યું અને સન્માન કરવામાં આવ્યું સનાતન ધર્મના ભગવાન એવા પરશુરામની જયંતિ ડીસા શહેરમાં ધામધૂમથી ઉજવાયલ

## બોટાદકર સાહિત્ય સભા અને કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાશે સાહિત્ય સભા

સાહિત્ય,સેવા, સમર્પણ શ્રધ્ધા અને તિર્થોની ભૂમી બોટાદમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી,બોટાદકર સાહિત્ય સભા અને કવિશ્રી બોટાદકર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે એક જાજરમાન ઉપક્રમે યોજાશે તો સૌને પધારવા હૃદયથી આમંત્રણ છે..આવો કવિશ્રી બોટાદકરની માનવ સંવેદનની સરવાણી વહાવતી કવિતાઓનો ગ્રામીણ જીવનનું જીવંત દર્શન અને સંબંધોની સુગંધ પ્રસરાવતી રચનાઓનો રસથાળ માણીએ સૌને પધારવા માટે આ કાર્યક્રમના સંકલનકર્તા અને સંયોજક શ્રી મિલનભાઈ ચુડાસમા અને શ્રી પ્રવીણભાઈ ખાચર દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. અહેવાલ કનુભાઈ ખાચર

# વિઠ્ઠલાપુર ખાતે મેસ્કોટ ઈન્ડસ્ટ્રિયલ સિટીનું ઉદ્ઘાટન કરતા કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત

કડી-વિઠ્ઠલાપુર હાઈવે ખાતે કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે નવનિર્મિત મેસ્કોટ ઈન્ડસ્ટ્રિયલ સિટીનું કર્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી



મુકેશ પટેલ તથા પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અત્યાધુનિક ટેકનોલોજી, રિસર્ચ અને વિઝન સાથે આ મેસ્કોટ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક વિકસાવવામાં આવ્યો છે. આશરે ૬૫૫ વિઘામાં ફેલાયેલા આ ઈન્ડસ્ટ્રિયલ સિટીમાં શોપિંગ મોલ, ફૂડ કોર્ટ, હોટલ, ફ્યૂઅલ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રહેણાકની સુવિધા પણ ઊભી કરવામાં આવી છે તેમજ ડોરમેટરી કોમ્પલેક્ષ પણ બનાવાયા છે. જેમાં ૧૨,૫૦૦ બેડની ક્ષમતાના ૩૧ ટાવર હશે. આ ઈન્ડસ્ટ્રિયલ સિટી ખાતે ઔધોગિક ક્ષેત્રે રોજગારીની અનેક તકો પણ ઊભી થનાર છે તેમ મેસ્કોટ ગ્રૂપના એમ.ડી. શ્રી સંજયભાઈ પટેલે જણાવ્યું હતું.આજે મેસ્કોટ ઈન્ડસ્ટ્રિયલ સિટીમાં ૧૩ જેટલી વિવિધ અગ્રગણ્ય કંપનીઓનું ખાતમુહૂર્ત પણ કરાયું હતું. મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ મેસ્કોટ ગ્રૂપને આ સમગ્ર નિર્માણ અને આયોજન બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી તથા પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઇ પટેલ તથા મોટી સંખ્યામાં ઉધોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતના આણંદ જિલ્લાના સામરખા થી બે કન્ટેનરમાં પેક કરી કતલખાને લઈ જવાતી 33 ભેંસોને ઉગારી લેવામાં આવી

ગુજરાત રાજ્ય માંથી રોજના અલગ અલગ જિલ્લાઓ જેમકે આણંદ, સામરખા, વડોદરા, વલણ, ભરૂચ, સુરત જિલ્લા તથા તાપી જિલ્લા માંથી ૪૦થી ૫૦ ટ્રકો, ટેમ્પો, તથા બંધ બોડીના પેક કન્ટેનરો માં એકદમ ભયંકર કુર્તાપૂર્વક થાંસી થાંસી ભરીને સુરત ના પલસાણા થી બારડોલી થઈને તાપી જિલ્લા ના વ્યારા, સોનગઢ થઈને મહારાષ્ટ્ર ના માલેગામ ખાતે આવેલા કતલખાના ફેક્ટરી એ મોકલવાનું ખૂબ મોટુ નેટવર્ક ચાલી રહ્યું છે.... આ ગાડીઓ પાસ કરાવવા માટે તાપી જિલ્લા અને સુરત જિલ્લાના કેટલાક લોકો દ્વારા આ પશુઓ ભરેલા ગાડીઓ નું પાયલોટીંગ કરવામાં આવે છે અને આમ ગુજરાત માંથી પશુધન ને કતલખાને મોકલવામાં આવે છે..સુરત જિલ્લા ના બારડોલી ના માણેકપોર ચેકપોસ્ટ પાસે આવેલા હિંડોલિયા ગામ ખાતે હાઈવે ઉપર થી પસાર થતા બે બંધ બોડીના કન્ટેનરો માં એકદમ ભયંકર, ગંભીર રીતે ખીચો ખીચ ભરીને મહારાષ્ટ્ર ના માલેગાવ ખાતે આવેલ કતલખાને જતા અટકાવી પકડીને બારડોલી રૂરલ પોલીસ ને સોંપવામાં આવ્યા હતા.મહાવીરભાઇ જૈન ને બાતમી મળતા એ પોતે શિવમ પાંડે, ધવલ ઠાકુર, આશિષ પટેલ, શુભમ રાજપૂત વગેરેઓ તાત્કાલીક બારડોલી આવીને વોચ રાખી હતી જયારે રાત્રે ના ૨:૧૫ વાગ્યે બાતમી મુજબ નું પ્રથમ કન્ટેનર જેનો નંબર - પ્ન ૦૮ છ૩ ૬૯૯૦ આવતા એને રોકાવી ચેક કરતા કન્ટેનર માંથી ૧૭ અબોલ પશુઓ ભરેલા નું જણાઈ આવ્યું હતું જ્યારે બીજા કન્ટેનર નંબર પ્ન ૧૪ ઢ ૫૨૯૨ આવતા એને પણ રોકાવી ચેક કરતા એમાંથી ૧૬ પશુઓ ભરેલા જણાઈ આવતા એમ ટોટલ ૩૩ પશુઓ મળી આવ્યા હતા અને મળી આવેલા તમામ ૩૩ અબોલ જીવોમાં ૨ જીવોના એકદમ ખૂબ ગંભીર રીતે ભરવામાં આવ્યા હતા કે એ બન્ને પશુઓ ના બન્ને પગ તૂટી ગયા હતા અને એ પશુઓ ના તો જાતે ઉભા થય શકતા હતા કે નહીં ચાલી શકતા હતા, અંતે એ પશુઓ ને પાંજરાપોળ માં ખાલી કરવાના સમયએ પણ ઉભા ન થય શકતા છેવટે એ બન્ને પશુઓ ને ખેંચીને ઉતારવામાં આવ્યા હતા. આ જોતા આ અબોલ જીવોને કતલખાને મોકલતા કસાઇઓ માં કોઈપણ જાતની દયા ભાવના હોતી નથી જ્યારે અબોલ જીવદયા પ્રેમીઓ પોલીસ ને બોલાવતા બારડોલી પોલીસ ની ટીમ સ્થળ પર પહોંચી હતી અને કન્ટેનરની તલાસી લેતાં અંદર ક્રૂરતાપૂર્વક બાંધેલી ૧૭ ભેંસ મળી આવી હતી. પોલીસે ટ્રકચાલક નિશાર મહમદ શેખ (રહે., મલેકવાડો, ખેરાલુ, જિ.મહેસાણા) અને ક્લીનર હૈદરખાન ભાઈખાન બ્લોચ (રહે., પાલનપુર, જિ.બનાસકાંઠા)ની અટકાયત કરી હતી. જ્યારે ટ્રકમાલિક મોહમદ ઓવેશ ખાન યાસીનખાન હાપાણી (રહે., ચડોતર, જિ.પાલનપુર, બનાસકાંઠા)ને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસ પૂછપરછમાં આ ભેંસ તેમના ટ્રક માલિકે આણંદના સામરખાથી ભરાવી હતી અને તેને મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે મંડીમાં ઉતારી દલાલને સોંપી દેવા જાણવું હતું. પોલીસે ૧૭ ભેંસ કિંમત રૂ.૪.૨૫ લાખ, એક કન્ટેનર કિંમત રૂ. ૫ લાખ, એક મોબાઈલ ફોન કિંમત રૂ. ૫ હજાર મળી કુલ ૯.૩૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ જ પ્રકારનો અન્ય એક કેસ માણેકપોર ગામની સીમમાં કરવામાં આવ્યો હતો. અહીં પણ ગૌરક્ષકે પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી કન્ટેનર નં (જીજે ૧૪ ઝેડ ૫૨૯૨ )માં ખીચોખીચ ભરેલી ૧૭ ભેંસને છોડાવી હતી. જેની કુલ કિંમત રૂ.૪૨૫ લાખ, કન્ટેનર કિ.રૂ. ૫ લાખ અને એક મોબાઇલ ફોન કિ.રૂ. ૩ હજાર મળી કુલ ૯૨૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ચાલક ઇરફાન મહમદ ઢેફા (રહે., ઉમરવાડા, તા.અંકલેશ્વર, જિ.ભરૂચ) અને ક્લીનર આસિફ ઇકબાલ સિંધી (રહે., વલણ, તા. કરજણ, જિ.વડોદરા)ની ધરપકડ કરી હતી. જ્યારે ટ્રકમાલિક સરફરાજ મુસા પટેલ (રહે., અછોડ, તા.આમોદ, જિ.ભરુચ) ને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ ભેંસો પણ માલેગાંવની મંડીમાં આપવાની હતી. પોલીસે બંને બનાવમાં અલગ અલગ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલી પોલીસે વધુ તપાસ કરતા બન્ને કન્ટેનર માંથી કુલ ૩૩ બાખડી ભેંસો જે દુધ ના આપી શકે એવી ભેંસો તથા બે કન્ટેનર મળી કુલ્લે ૧૮.૫૦૦૦૦/- નો મુદ્દામાલ સાથે ચાર વ્યક્તિ ની ધરપકડ કરી આ પશુઓ કોણે ભરાવી આપ્યા હતા અને આ પશુઓ માલેગાવ ખાતે ક્યાં કતલખાને લઈ જવામાં આવી શકે શકે રહ્યા હતા

## પાટણમાં ગરમીનો પ્રકોપ:આજે તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા, બજારો-માર્ગો બપોરે સૂમસામ

પાટણ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી તાપમાનનો પારો ૪૩ ડિગ્રી આસપાસ નોંધાઈ રહ્યો છે. આજે બપોરે તાપમાનનો પારો ક્રમશઃ વધશે. બપોરે ૧૨ વાગ્યે ૪૦ ડિગ્રી, ૧ વાગ્યે ૪૧ ડિગ્રી અને બપોરે ૨થી ૪ વાગ્યા સુધી ૪૩ ડિગ્રી તાપમાન રહેશે. હિટવેવની સ્થિતિને કારણે બપોરના સમયે બજારો અને જાહેર માર્ગો સૂમસામ બની જાય છે. રાત્રિના તાપમાનમાં પણ એક ડિગ્રીનો વધારો નોંધાયો છે. લોકોએ અસહ્ય ગરમીનો અનુભવ કર્યો છે.હવામાન વિભાગે નાગરિકોને હીટવેવથી બચવા માટે સાવચેતીના પગલાં લેવા સૂચના આપી છે. તરસ ન લાગે તો પણ નિયમિત પાણી પીવાની સલાહ આપવામાં આવી છે.ʻઈજી, છાસ, લસ્સી અને લીબુ પાણીનો ઉપયોગ કરવાનું સૂચવ્યું છે. નારિયેળ પાણી પણ ફાયદાકારક છે.બહાર નીકળતી વખતે માથું ઢાંકવું અને હળવા સુતરાઉ કપડાં પહેરવા જરૂરી છે. બપોરના સમયે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.